

# ગુજરાતી

# સાહિત્ય પરિચય

## ધોરણ-પાંચમું



# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) દરેક નાગરિકે સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા–શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

## શિક્ષક સાથે સંવાદ

સાહિત્ય પરિચયનું આ પાઠ્યપુસ્તક અંગ્રેજી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષા માટે રસ અને રુચિ ધરાવતા થાય તેવા હેતુથી તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકના અધ્યાપન વખતે શિક્ષકને માર્ગદર્શન મળે તે માટે નીચેનાં દિશાસૂચનો કરવામાં આવ્યા છે.

- પાઠ્યપુસ્તક શીખવવાની શરૂઆત કરતાં પહેલાં મરોડ સાથે સંપૂર્ણ બારાખડીનું દ્રઢીકરણ કરાવી લેવું જરૂરી છે. તેની સાથે ૧ થી ૧૦૦ નું અંકલેખન પણ કરાવી લેવું.
- પાઠ્યપુસ્તકમાં આપેલી દરેક કૃતિ શીખવતી વખતે શ્રવણ, ભાષણ, વાંચન, લેખન અને આકલન આ ભાષિક કૌશલ્યોનો ધીરે ધીરે પરંતુ ક્રમિક વિકાસ થાય તે ધ્યાનમાં રાખવું.
- શૈક્ષણિક સાધનો સાથે આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરી શ્રવણ કૌશલ્યનો પાયો મજબૂત કરવાથી અન્ય કૌશલ્યો સહજ રીતે જ આત્મસાત થશે.
- જ્ઞાનરચનાવાદને સાર્થક કરવા શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા દરેક કૃતિમાં આપેલી છે. તેના દ્વારા વર્ગનું વાતાવરણ ચેતનવંતુ થશે.
- સ્વાધ્યાયો શરૂઆતમાં બે થી ત્રણ વાર મૌખિક કરાવવા. ત્યાર પછી તેના જવાબો વિદ્યાર્થીઓ પાસે કાળા પાટિયા ઉપર લખાવવા. તે દરેક પાસે મોટેથી વંચાવવા. ત્યારબાદ પુસ્તકમાં વિદ્યાર્થીઓ પોતે જ જવાબ લખે તેવો આગ્રહ રાખવો.
- સ્વાધ્યાયમાં છેલ્લો પ્રશ્ન જોડાક્ષરયુક્ત શબ્દો જોઈજોઈને ફરી લખવા આપેલા છે. તેને યંત્રવત ન લખતાં સમજીને, બોલીને તેમજ શુદ્ધ ઉચ્ચાર કરીને લખે તેવો આગ્રહ રાખવો.
- દરેક કૃતિમાં આપેલા ઉપક્રમમાં આપેલી પ્રવૃત્તિથી બે બાબતો સિદ્ધ કરી શકાશે. (૧) પ્રોજેક્ટબુક તૈયાર થશે (૨) વિચારાત્મક દૃષ્ટિનો વિકાસ થશે.
- ‘હું વાંચું – તમે પણ વાંચો’ દ્વારા બાળકોને ગુજરાતી ભાષાનાં પુસ્તકો વાંચવા પ્રેરિત કરવાનાં છે. તેના પ્રશ્નોત્તર કરાવવાના નથી.
- વ્યાકરણ કોઈ પણ જાતના બોજ વગર ‘સરળથી કઠિન’ના માનસશાસ્ત્રીય સિદ્ધાન્તને અનુસરીને પરોક્ષ રીતે શીખવવું.

શિક્ષણખાતાનો મંજૂરી ક્રમાંક : પ્રાશિસં/૨૦૧૪–૧૫/૨૪૩/મંજૂરી/ડ–૫૦૫/૩૪૫
તારીખ : ૧૩.૦૧.૨૦૧૫

# ગુજરાતી
# સાહિત્ય પરિચય
## ધોરણ-પાંચમું






નામ : ......................................................

શાળા : ......................................................



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.



9ELBUA

તમારાં સ્માર્ટ ફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરનાં Q.R. Code થી ડિજિટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Code થી તે સંબંધિત પાઠનાં અધ્યયન– અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય–શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૫
પુનર્મુદ્રણ : ૨૦૨૧

**ગુજરાતી ભાષા સમિતિ :**
સુશ્રી. કલ્પના મહેતા, અધ્યક્ષ
ડૉ. મધુ સંપટ, સદસ્ય
શ્રીમતી સ્મિતા દવે, સદસ્ય
સુશ્રી. ઇલા શુક્લ, સદસ્ય
શ્રીમતી કેતકી નિતેશ જાની, સદસ્ય–સંયોજક

**સંયોજન પ્રમુખ :**
શ્રીમતી કેતકી નિતેશ જાની
વિશેષાધિકારી ગુજરાતી, પાઠ્યપુસ્તક મંડળ, પુણે–૪

**ચિત્રાંકન અને મુખપૃષ્ઠ :**
શ્રી. સૌરભ અવિનાશ ચવ્હાણ

**નિર્મિતિ :**
શ્રી. સચ્ચિતાનંદ આફળે,
મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી. સંદીપ આજગાંવકર, નિર્મિતિ અધિકારી

**અક્ષરાંકન :**
ગુજરાતી વિભાગ, પાઠ્યપુસ્તક મંડળ, પુણે–૪

**કાગળ :**
૭૦ જી. એસ. એમ. ક્રિમવોવ

**મુદ્રણાદેશ :** N/PB/2021-22/QTY.

**મુદ્રક :** M/s

**પ્રકાશક :**
શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ–૨૫.

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

## પ્રસ્તાવના

'બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર–૨૦૦૯' અને 'રાષ્ટ્રીય શૈક્ષણિક રૂપરેખા–૨૦૦૫'ને નજર સમક્ષ રાખી રાજ્યમાં 'પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમ – ૨૦૧૨' તૈયાર કરવામાં આવ્યો. આ શાસનમાન્ય અભ્યાસક્રમ ઉપર આધારિત દ્વિતીય ભાષા (સંયુક્ત) વિષયનું અંતર્ગત ગુજરાતી સાહિત્ય પરિચય – ધોરણ પાંચમું આ પુસ્તક આપના હાથમાં મૂકતા અમને વિશેષ આનંદ થાય છે.

આ શૃંખલાનું આ પ્રથમ પુસ્તક છે. તેથી આ વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા સમજાય, બોલતાં, વાંચતા અને લખતાં આવડે તેવી અપેક્ષા છે. સાથે જ વિદ્યાર્થીઓની સંભાષણ શક્તિ યોગ્ય રીતે વિકસે, વ્યાકરણનું જ્ઞાન તબક્કાવાર પ્રાપ્ત કરે અને ગુજરાતી ભાષાને સારી રીતે આત્મસાત કરી તેનો આદર કરતાં થાય તેવી પણ અપેક્ષા છે.

આ પુસ્તકમાં શિક્ષક–વિદ્યાર્થી વચ્ચેની આંતરક્રિયા દ્વારા શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા કેળવાશે, અધ્યયન–અધ્યાપનની પ્રક્રિયા સરળ અને સહજ બની વર્ગનું વાતાવરણ જીવંત બનશે. 'હું વાંચુ ... તમે પણ વાંચો' દ્વારા વિદ્યાર્થીની વાચન રુચિ વધશે. નવું વાંચવાની, જાણવાની પ્રવૃત્તિને ગતિ મળશે. દરેક કૃતિ નીચે આપેલા ઉપક્રમો વિદ્યાર્થીઓને આનંદદાયી શિક્ષણ પ્રદાન કરવામાં ઉપયોગી નિવડશે એવી ખાતરી છે. સ્વાધ્યાયોની નીચે આપેલ શબ્દો જોઈને લખવાથી વિદ્યાર્થીઓમાં શુદ્ધલેખન માટેની ચીવટ જળવાઈ રહેશે. આ પુસ્તકના અધ્યયન પછી વિદ્યાર્થીઓ પુસ્તકો તરફ આકર્ષાશે અને ગુજરાતી સાહિત્યના પરિચયમાં આવશે, તો જ આ પુસ્તકની સાર્થકતા લેખાશે.

ગુજરાતી ભાષા સમિતિના સદસ્યો, કાર્યગટ સદસ્યો (ડૉ. ઉષાબહેન નાયર, શ્રીમતી નીલાબહેન પાધ્યા, શ્રીમતી પ્રીતિ ચિત્રોડા), ગુણવત્તા પરીક્ષક શ્રી ઇલેશકુમાર આર. ગાંધી તેમજ ચિત્રકારના નિષ્ઠાપૂર્વકના પરિશ્રમથી આ પુસ્તક તૈયાર થયું છે. આ પુસ્તક વધારેમાં વધારે ક્ષતિરહિત અને ગુણવત્તાસભર બને તે માટે ગુજરાતી માધ્યમ સિવાય અન્ય માધ્યમમાં ગુજરાતી શીખવનાર શિક્ષકો, તજ્જ્ઞો પાસે પુસ્તકનું સમીક્ષણ કરાવવામાં આવ્યું છે. સમીક્ષકોની સૂચના/અભિપ્રાયોનો યોગ્ય વિચાર કર્યા પછી જ ગુજરાતી ભાષા સમિતિએ પુસ્તકને અંતિમ સ્વરૂપ આપ્યું છે. મંડળ આ સર્વેનું મનઃપૂર્વક આભારી છે.

વિદ્યાર્થી, શિક્ષક, વાલીઓ આ પુસ્તકનું સ્વાગત કરશે જ તેવી આશા છે.

(ચં. રા. બોરકર)
**સંચાલક**
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે–૪.

પુણે
**તારીખ : ૧૦ જાન્યુઆરી, ૨૦૧૫**

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત
કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની ................................સ્વતંત્રતા
દરજ્જા અને તકની ..................................સમાનતા
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તેઓ સર્વમાં
વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની
એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા
વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત – ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત – ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

## ધોરણ : પાંચમું - સાહિત્ય પરિચય - અધ્યયન નિષ્પત્તિ

| અધ્યયન માટે સૂચવેલ શૈક્ષણિક પ્રક્રિયા | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| **સર્વ વિદ્યાર્થીઓને (જુદી રીતે સક્ષમ વિદ્યાર્થીઓ સહિત) વ્યક્તિગત/જોડીમાં/સમૂહમાં કાર્ય કરવાની તક અને પ્રોત્સાહન મળે તે માટે -**<br>• વિવિધ વિષય, પરિસ્થિતિ, ઘટના, અનુભવ, કથા, કવિતા, વગેરે પોતાની રીતે ગુજરાતી ભાષામાં (મૌખિક/સાંકેતિક સ્વરૂપમાં) કહેવું, પ્રશ્ન પૂછવા, ટિપ્પણી કરવી, પોતાનો મત વ્યક્ત કરવો તે માટે સ્વાતંત્ર્ય આપવું.<br>• ગ્રંથાલય/વર્ગમાં જુદાં જુદાં પ્રકારની કથા, કવિતા અથવા બાળસાહિત્ય, સ્તર અનુસાર અન્ય સાહિત્ય, સૂચના ફલક, વર્તમાનપત્રના કાતરણ ઉપલબ્ધ કરી આપવા અને તેના પર ચર્ચા કરવાની તક આપવી.<br>• જુદી જુદી કથા, કવિતા વગેરેને સંદર્ભ અનુસાર વાંચીને સમજવા-સમજાવવા માટે તક આપવી.<br>• જોયેલી, સાંભળેલી, વાંચેલી વાતને પોતાની રીતે ગુજરાતી ભાષામાં લખવાની તક આપવી.<br>• આવશ્યકતાનુસાર અને સંદર્ભ અનુસાર ગુજરાતી ભાષા સમજવાની (નવા શબ્દ/વાક્ય વગેરે) અને તેનો ઉપયોગ કરવાની તક આપવી.<br>• એકબીજા દ્વારા કહેવાતી વાર્તા સાંભળવી, પુસ્તકમાં આપેલ વાર્તા વાચવી અને તેના વિશે પોતાનો મત આપવો.<br>• આજુબાજુ ઘટતી ઘટનાઓ વિશે વિચાર કરી પ્રશ્નો પૂછવા, છોકરાઓ સાથે ચર્ચા કરવી, ટિપ્પણ કરવી, મત આપવા માટે તક પૂરી પાડવી.<br>• આશયના સંદર્ભમાં ભાષાના સૂક્ષ્મ પાસાઓ વિશે જાણવાની અને તેનો ઉપયોગ કરવાની તક આપવી.<br>• શબ્દ-ચિત્ર કોશ/શબ્દકોશમાં નવા શબ્દો જોવાની તક પૂરી પાડવી.<br>• અન્ય વિષય, વ્યવસાય, કલા વગેરેમાં (દા.ત. ગણિત, વિજ્ઞાન, સામાજિક અધ્યયન, નૃત્યકલા વગેરે) વપરાતા શબ્દ સમજવા અને સંદર્ભ અન ુસાર તેનો ઉપયોગ કરવાની તક પૂરી પાડવી.<br>• પાઠ્યપુસ્તક અને તેની સાથે સંબંધિત અન્ય સાહિત્યમાં આવેલા નૈસર્ગિક, સામાજિક અને અન્ય સંવેદનશીલ મુદ્દાઓને સમજીને તેના વિશે ચર્ચા કરવાની તક પૂરી પાડવી. | **વિદ્યાર્થી -**<br>05.LA.01 સાંભળેલા, વાંચેલા સાહિત્યમાંના (રમૂજી, સાહસિક, સામાજિક વિષય પરની કથા, કવિતા વગેરે) વિષય, ઘટના, ચિત્રો, પાત્રો અને શીર્ષક વિશે ચર્ચા કરે છે, પ્રશ્ન પૂછે છે, પોતાનો મત વ્યક્ત કરે છે, તર્ક રજૂ કરે છે અને નિષ્કર્ષ કાઢે છે.<br>05.LA.02 પોતાના પરિસરમાં ઘટતી ઘટનાઓ, પ્રસંગ વગેરેનું સૂક્ષ્મ નિરીક્ષણ કરે છે. તેના વિશે મૌખિક પ્રતિક્રિયા આપે છે, પ્રશ્નો પૂછે છે.<br>05.LA.03 ભાષાના સૂક્ષ્મ નિરીક્ષણ દ્વારા પોતાની મૌખિક ભાષા તૈયાર કરે છે.<br>05.LA.04 વિવિધ પ્રકારના સાહિત્યમાંના (દા.ત. વર્તમાનપત્રો, બાળસાહિત્ય, પોસ્ટર વગેરેમાંના) સંવેદનશીલ મુદ્દાઓ વિશે પોતાનો મત/વિચાર વ્યક્ત કરે છે.<br>05.LA.05 ભિન્ન પરિસ્થિતિ અને ઉદ્દેશો માટે (પાટિયા પરની સૂચના, કાર્યનો અહેવાલ, માહિતી મેળવવા માટે) વાંચન કરે છે.<br>05.LA.06 પોતાના પાઠ્યપુસ્તકના આધારે અન્ય સાહિત્ય (વર્તમાનપત્રો, બાળસાહિત્ય, મોટું પાટિયું વગેરે) સમજીને વાંચન કરે છે, તે વિશે વાત કરે છે.<br>05.LA.07 અપરિચિત શબ્દોના અર્થ શબ્દકોશમાંથી શોધે છે.<br>05.LA.08 ભાષાની સૂક્ષ્મતા, નિયમ વગેરેનો વિચાર કરીને પોતાની ભાષા તૈયાર કરે છે અને પોતાના લેખનમાં/બ્રેઈલ લિપિમાં તેનો સમાવેશ કરે છે.<br>05.LA.09 ભિન્ન ઉદ્દેશો માટે લેખન કરતી વખતે વિરામચિહ્નોનો (દા.ત. પૂર્ણવિરામ) યોગ્ય ઉપયોગ કરે છે.<br>05.LA.10 સ્તર અનુસાર અન્ય વિષય, વ્યવસાય, કલા વગેરેમાં (ગણિત, વિજ્ઞાન, સામાજિક અધ્યયન, નૃત્યકલા વગેરેમાં) આવતા શબ્દોના અર્થ સમજીને સંદર્ભ અનુસાર લેખનમાં તેનો યોગ્ય ઉપયોગ કરે છે.<br>05.LA.11 પોતાના પરિસરમાં ઘટતી ઘટનાનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીને તે વિશે મૌખિક સ્વરૂપમાં પ્રતિક્રિયા વ્યક્ત કરે છે.<br>05.LA.12 પાઠ્યપુસ્તક અને અન્ય લેખનપ્રકારમાંના સંવેદનશીલ વિષય વિશે મૌખિક સ્વરૂપમાં અભિવ્યક્તિ આપે છે.<br>05.LA.13 પોતાની કલ્પનાથી કથા, કવિતા, પત્ર વગેરે કહે છે. |

# અનુક્રમણિકા



| અ.ક્ર. | પાઠ/કવિતા | કવિ/લેખક | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|---|
| ૧. | વિવિધ મરોડ – મૂળાક્ષરો | ........ | ૧ |
| ૨. | બારાખડી | ........ | ૨, ૩ |
| ૩. | અંકલેખન | ........ | ૪ |
| ૪. | પ્રાર્થના | જયંતિલાલ આચાર્ય | ૫, ૬ |
| ૫. | તેજુ – નીલનો પુકુ | ........ | ૭થી ૧૦ |
| ૬. | વિરામચિહ્નો | ........ | ૧૧ |
| ૭. | કરો રમકડાં કૂચકદમ | મકરંદ દવે | ૧૨થી ૧૪ |
| ૮. | બિરબલની ચતુરાઈ | ........ | ૧૫થી ૧૭ |
| ૯. | વચન – જાતિ | ........ | ૧૮, ૧૯ |
| ૧૦. | ઊંટ કહે | દલપતરામ | ૨૦થી ૨૨ |
| ૧૧. | ધન્ય છે ગંગાને ! | દિનેશકુમાર, વિપુલકુમાર | ૨૩થી ૨૬ |
| ૧૨. | પત્રલેખન | ........ | ૨૭ |
| ૧૩. | ઢોલીડા ઢોલ ધીમે વગાડ ના | લોકગીત | ૨૮થી ૩૦ |
| ૧૪. | ચિત્રવાર્તા | ........ | ૩૧ |
| ૧૫. | નામ – સર્વનામ | ........ | ૩૨ |
| ૧૬. | મારું ગુજરાત | ગુલામ અબ્બાસ નાસાદ | ૩૩થી ૩૫ |
| ૧૭. | સ્વર્ગની ચકલી | ........ | ૩૬થી ૩૮ |